રેકર્ડ નિભાવ અને જાળવણી અંગેની
સુચનાઓ બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫/જીઓઆઇ-૩૭/વસુતાપ્ર-૧ (ભાગ – ૨)
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૧૬/૦૫/૨૦૧૯

**વંચાણમાં લીધા :**

૧. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૦૯.૦૬.૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫/જીઓઆઇ – ૩૭/ વસુતાપ્ર – ૧
૨. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૦૩.૧૦.૨૦૧૩ નો પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫/જીઓઆઇ – ૩૭/ વસુતાપ્ર – ૧
૩. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૦૧.૦૫.૨૦૧૯નો પત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૧૯/૨૬/આરટીઆઇ સેલ
૪. રાજ્ય માહિતી આયોગના વાર્ષિક અહેવાલ ૨૦૧૬-૧૭માં Classification of record of the public authority પર આપવામાં આવેલ ઓબ્ઝર્વેશન

**પરિપત્ર :**

૧. આ વિભાગના વંચાણમાં લીધેલ ક્રમ(૧) ના તારીખ ૦૯.૦૬.૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક: પરચ- ૧૦૨૦૦૫/જીઓઆઇ-૩૭/ વસુતાપ્ર-૧ ના ફકરા ૧૨ (૭), (૮) અને (૧૧)માં રેકર્ડ વર્ગીકરણ, તેની સાચવણી અને રેકર્ડના નાશ કરવા અંગે અનુસરવાની કાર્યપધ્ધતિ અંગે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૭) ફાઇલોનુ વર્ગીકરણ સચિવાલયના વિભાગોમાં સેક્શન અધિકારી/ ખાતાના વડાની કચેરીમાં સબંધિત વર્ગ – ૧ના અધિકારી અને તે સિવાયની કચેરીઓમાં કચેરીના વડા પાસે મંજુર કરાંવવુ અને અને તેજ પ્રમાણે તેનો નાશ કરતા પહેલા સચિવાલયના વિભાગોમાં ઉપ સચિવ અને ખાતાના વડાની કચેરીમાં સબંધિત વર્ગ – ૧ના અધિકારીના હુકમો મેળવવા, તે સિવાયની કચેરીઓમાં, કચેરીના વડાના હુકમો મેળવવાના રહેશે.

(૮) 'ખ' વર્ગની ફાઇલોનો નાશ કરતા પહેલા, તેની યાદી સંપૂર્ણ વિગતો સહિત, અભિલેખાગારશ્રી, ગુજરાત રાજ્યને તપાસવા માટે મોકલવી અને તેઓની મંજુરી બાદ તેનો નાશ કરવો.

વાચ- ૧૬૯

(૧૧) માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ અન્વયે ભવિષ્યમાં ઉપસ્થિત થનારી જરૂરિયાતોને ધ્યાને લઇ ફાઇલનુ વર્ગીકરણ કરવુ.

૨. માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના અસરકારક અમલીકરણ માટે રાજ્યની તમામ કચેરીઓમાં નિયમોનુસાર રેકર્ડ વર્ગીકરણ કરવામાં આવે અને તેની સાચવણીની નિયત કાર્યપધ્ધતિ મુજબ રેકર્ડની યોગ્ય જાળવણી કરવામાં આવે તે અત્યંત આવશ્યક છે. આ બાબતે વંચાણમાં લીધેલ ક્રમ-૨ ના પરિપત્રથી કાયમી જાળવી રાખવાના રેકર્ડ સબંધે સુચનાઓ આપેલ છે.

૩. આ વિભાગના ઉપર વંચાણ માં લીધેલ સુચનાઓથી દફતર વર્ગીકરણ, જાળવણી અને નાશ કરવા બાબતે રાજ્યની તમામ કચેરીઓને ઉપર દર્શાવ્યા મુજબની સુચનાઓ આપવા છતાં પણ રેકર્ડ વર્ગીકરણ અને તેની સાચવણીની નિયત કાર્યપધ્ધતિ રાજય સરકારની કેટલીક કચેરીઓ દ્વારા અનુસરવામાં આવતી ન હોવાની બાબત રાજ્ય માહિતી આયોગના ધ્યાને આવેલ છે. રાજ્ય માહિતી આયોગના વાર્ષિક અહેવાલ ૨૦૧૬-૧૭માં Classification of record of the public authority માં નીચે મુજબનું ઓબ્ઝર્વેશન લીધેલ છે.

"આયોગ સમક્ષ રજૂ થતી અપીલો/ફરિયાદો અને અરજીઓના અભ્યાસ ઉપરથી જણાયું છે કે સંખ્યાબંધ કિસ્સાઓમાં જાહેર સત્તામંડળો દ્વારા અરજદારોને નમૂના-'ક' ની અરજી સંદર્ભે "માંગણી કરક્વામાં આવેલ રેકર્ડ ઉપલબ્ધ નથી" તેમ જણાવવામાં આવે છે. આવા કિસ્સાઓની આયોગ સમક્ષ સુનાવણી થાય છે ત્યારે પણ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી આ જવાબનું પુનરાવર્તન કરવામાં આવે છે. આથી આયોગને લાગે છે કે જો જાહેર સત્તામંડળો પોતાના રેકર્ડને યથાયોગ્ય રીતે વર્ગીકૃત કરીને તેની જાળવણી કરવાની કાળજી રાખે તથા રેકર્ડનું ડીઝીટલાઇઝેશન કરે તો તેમની રોજિંદી કામગીરી સરળ અને ઝડપી બની શકે તેમજ આર.ટી.આઇ હેઠળના અરજદારોને પણ સરળતાથી માંગેલ માહિતી સમયસર આપી, આ કાયદા હેઠળની તેમની ફરજો નિભાવી શકે."

૪. રાજ્ય માહિતી આયોગે અહેવાલમાં લીધેલ ઉપર મુજબના નિરીક્ષણને ધ્યાને લેતાં સચિવાલયના સર્વે વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, જિલ્લા/તાલુકા કચેરીઓ સહિતની તમામ કચેરીઓને ઉપર વંચાણે લીધેલ (૧)ના ઠરાવથી આપેલ સુચનાઓ અને ત્યાર બાદની વખતોવખતની સુચનાઓને અનુસરી, નિયમોનુસાર રેકર્ડ વર્ગીકરણ કરવા અને રેકર્ડની સાચવણી માટેની નિયત કાર્યપધ્ધતિ મુજબ રેકર્ડની જાળવણી કરવા તેમજ રેકર્ડનો નાશ કરવા બાબતે નિયત કાર્યપદ્ધતિ અનુસરી, સક્ષમ

અધિકારીની મંજુરી મેળવી જરૂરી કાર્યવાહી કરવા અને આ સુચનાઓનો અસરકારક અને ચુસ્તપણે અમલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા આથી સબંધિત સર્વેને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઇ. એ. દવે)
ઉપ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ

-- x મહામહિમ રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
-- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- સર્વે મંત્રીશ્રીઓના / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
-- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
-- માન. દંડકશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
-- x સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
-- x રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
-- x સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
-- x સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર
-- x સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
-- x સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
-- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
-- અભિલેખાગારશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર (પાંચ નકલમાં)
-- રાજ્યના તમામ ખાતાના વડા
-- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
-- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
-- સીલેક્ટ ફાઇલ.

-------------------

x પત્ર દ્વારા